GJVD070046172021

**રેગ્યુલર દરખાસ્ત નંબરઃ– ૪૪/૨૦૨૧**

## –:: <u>આંક:– ૦૧ ની અરજી લગત હુકમ</u> ::–

(૧) આજરોજ દરખાસ્ત વાદી તર્ફે આંક–૩૫ ની પુરસીસથી જણાવે છે કે, "સદરહુ કામના દરખાસ્ત પ્રતિવાદી નંબર–૧ સામે જંગમ જપ્તી વોરંટનો હુકમ થતાં, દરખાસ્ત પ્રતિવાદી નંબર–૧નાઓએ દરખાસ્ત વાદીની વોરંટ મુજબની લેણી રકમનો બેંક ઓફ બરોડા, આસ્ટોડીયા શાખા, અમદાવાદનો ચેક નંબર–૦૦૦૦૦૨ નો તા.૧૫.૦૫.૨૦૨૬ ના રોજનો પાકતી મુદતનો રૂ.૩,૫૭,૨૦૮/–(અંકે રૂપિયા ત્રણ લાખ સત્તાવન હજાર બસો આઠ પુરા) આપેલ છે, જેથી સદર દરખાસ્ત હવે આગળ ચલાવવાની રહેતી નથી."

(૨) આમ, સદરહુ દરખાસ્તના કામે ધી રોશન કો.ઓ.ક્રે.સો.લી. ડભોઇને દરખાસ્ત પ્રતિવાદી નંબર–૧ પાસેથી જપ્તી વોરંટ મુજબની લેણી રકમ રૂ.૩,૫૭,૨૦૮/–(અંકે રૂપિયા ત્રણ લાખ સત્તાવન હજાર બસો આઠ પુરા)નો ચેક મળી ગયેલ છે. તે સંજોગોમાં દરખાસ્ત પ્રતિવાદી દ્વારા દરખાસ્ત વાદીની માંગણી મુજબની રકમ મળી ગયેલ હોવાથી, સદરહુ દરખાસ્ત સંદર્ભે બાકી કોઇ કાર્યવાહી હાથ ધરવાની રહેતી નથી. જેથી, દરખાસ્તમાં માંગ્યા મુજબની દાદ સંતોષાઇ ગયેલ હોવાથી, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

➔ આથી, દરખાસ્ત પ્રતિવાદી નંબર–૧નાઓએ જપ્તી વોરટં મુજબની લેણી રકમ રૂ.૩,૫૭,૨૦૮/–(અંકે રૂપિયા ત્રણ લાખ સત્તાવન હજાર બસો આઠ પુરા) ની દરખાસ્ત વાદીને ચુકવી આપેલ છે તથા દરખાસ્ત વાદીએ દરખાસ્ત આગળ ચલાવવાની રહેતી નથી, દરખાસ્તની લેણી રકમ મળેલ છે તેવી હકીકત જાહેર કરવામાં આવેલ હોય, સદરહુ દરખાસ્તની અમલ બજવણીની કાર્યવાહી સંતોષકારક રીતે પૂર્ણ થતાં, દરખાસ્ત ફેંસલ કરવામાં આવે છે.

હુકમ, આજરોજ તારીખ–**૦૮ મી, એપ્રિલ, ૨૦૨૬ના** રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ ડભોઈ.
તા.૦૮/૦૪/૨૦૨૬.

**(શ્રીમતી નીતા અજયકુમાર ચોક્સી)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, ડભોઈ.
**જજ કોડ નં.જી.જે.૦૦૮૪૩**